બેઠક વ્યવસ્થાની જાણકારી માટે આજે પરીક્ષા કેન્દ્રો ખુલ્લા રહેશે

ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહના ત્રીજા સેમીસ્ટરની પરીક્ષાનો ૨૫મીથી પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૩

તૃતીય સેમેસ્ટરની પરીક્ષા તા. ૨૫ ઓક્ટોબરથી શરૂ થનાર છે. જ્યારે જિલ્લાના ૫૫૨૨ વિદ્યાર્થીઓ બેઠક વ્યવસ્થા જાણી શકે તે માટે તા. ૨૪ ઓક્ટોબરના રોજ બપોરે ૨.૩૦ થી ૫ દરમિયાન તમામ પરીક્ષા કેન્દ્રો ખુલ્લા રહેશે. ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની તૃતીય સેમીસ્ટર અને જૂના કોર્ષની પરીક્ષા અન્વયે બોર્ડ તેમજ શિક્ષણતંત્ર દ્વારા મોટાભાગની તૈયારી કરી દેવાઈ છે. તા. ૨૫ ઓક્ટોબરથી ૨ નવેમ્બર દરમિયાન યોજાનારી આ પરીક્ષા સંદર્ભે ગાંધીનગરના ૧૯, ચાંદખેડાના ૩ અને કલોલના ૧ કેન્દ્ર સહિત કુલ ૨૪ કેન્દ્રો પર કાર્યવાહી હાથ ધરાશે. પ્રત્યેક બ્લોકમાં ૨૦ વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા ગોઠવાશે. પરીક્ષાને અનુલક્ષી જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીને કન્ટ્રોલરૂમ પણ શરૂ કરી દેવાયો છે. શિક્ષણતંત્રના જણાવ્યા અનુસાર પરીક્ષાર્થીઓને પોતાની બેઠક વ્યવસ્થાની યોગ્ય જાણકારી મળી રહે તેવા આસયથી આજે તમામ કેન્દ્રો પર બપોરે ૨.૩૦ થી ૫.૦૦ કલાક દરમિયાન બેઠક નંબરો જોઈ શકાશે.

પરિવર્તન પાર્ટી દ્વારા આજે 'વિજય કુચ' રેલીનું આયોજન

પથિકાશ્રમથી સાંજે બાઈક રેલી નિકળશે

ગાંધીનગર, તા.૨૩

ગુજરાત પરિવર્તન પાર્ટી દ્વારા તા. ૨૪ ઓક્ટોબરના રોજ સાંજે ૪કલાકે પથિકાશ્રમ છાવણીથી 'વિજયકુચ' રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ બાઈકરેલીમાં ૨૦૦ બાઈકો સહિત ૫૦૦ માણસોનો કાફલો જોડાશે.

ગુજરાત પરિવર્તન પાર્ટીના જિલ્લા પ્રમુખ સુનિલભાઈ ત્રિવેદીના જણાવ્યા અનુસાર પાર્ટી દ્વારા તા. ૨૪ ઓકટોબરના વિજય કુચ રેલી યોજવામાં આવના છે. સાંજે ૪ કલાકે પથિકાશ્રમ છાવણીથી આ બાઈક રેલીની શરૂઆત થશે. પથિકાશ્રમથી નીકળનારી આ બાઈક રેલી સે-૭, સે-૨, સે-૬ અને ઘ-૦ થઈ સે-૩ અને સે-૫માં પહોંચશે. ત્યારબાદ વિજયકુચ રેલી નાના 'ઘ' માર્ગ થી સે-૩, સે-૧૫, ૧૬ અને ઘ-૫ થી સે-૧૭/૨૨ પહોંચશે. ત્યારબાદ સે-૨૨ થી ૩૦ના વિસ્તારમાં ફરીને બાઈક રેલી સે-૨૯ થઈને પંચદેવ મંદિરે સમાપ્ત થશે. દશેરાના દિવસે પાર્ટી દ્વારા વિજયકુચ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ તબક્કે શહેરના રહીશોને પણ રેલીમાં જોડાવવા પાર્ટીના જિલ્લા પ્રમુખે જણાવ્યું છે.

સચિવાલય ક્રિકેટ ટુર્નામેન્ટમાં રમત ગમત વિભાગની ટીમ વિજયી

પ્રથમ બેટીંગ કરી સૌથી હાયર સ્કોર કર્યો

ગાંધીનગર, તા.૨૩

સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટ અંતર્ગત આજે રમતગમત યુવા અને સાંકૃતિક પ્રવૃત્તિના વિભાગ તેમજ આદિજાતિ વિકાસ વિભાગની ટીમ વચ્ચે ક્રિકેટ મેચ રમાઈ હતી. જેમાં રમત ગમત વિભાગની ટીમે સૌથી હાયર સ્કોર કરવાની સિદ્ધિ મેળવવાની સાથે ભવ્ય વિજય હાંસલ કર્યો હતો.

સચિવાલય આંતરવિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટમાં આજે બંને વિભાગની ટીમ વચ્ચે રસપ્રદ મેચ યોજાઈ હતી. જેમાં રમતગમત અને સાંકૃતિક પ્રવૃત્તિ વિભાગની ટીમે પ્રથમ બેટીંગ કરી ૨૨૮ રન કર્યા હતા. જયારે આ ટુર્નામેન્ટનો સૌથી હાયર સ્કોર હોવાનું પણ મનાય છે. રમતગમત વિભાગની ટીમ વતી આશિષ ઠાકોરે ૧૦૨ રન કર્યા હતા. આ ઉપરાંત બે વિકેટ મેળવી મેન ઓફ ધ મેચનું બિરૂદ હાંસલ કર્યું હતું. સામે આદિજાતિ વિકાસ વિભાગની ટીમ માત્ર ૧૦૪ રનમાં ઓલઆઉટ થઈ હતી.

વળતર... વળતર...
નવરાત્રી, ગાંધી જયંતિ અને દિવાળીના તહેવારો નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષે પણ વર્ષમાં ફક્ત એક જ વખત તદ્દન નવી વેરાયટી નવા સ્ટોક સાથે
સ્પે. ઓફર 20% ડિસ્કાઉન્ટ
પડદાના કાપડ ઉપર
તા. ૨-૧૦-૨૦૧૨ થી ૧૩-૧૧-૨૦૧૨ સુધી
તેમજ હેન્ડલુમની તદ્દન નવી વેરાઈટીઓ, ટેરી ખાદી, પોલીસ્ટર ખાદી, કોટન ખાદી, ચાદર, ટુવાલ, લુંગી, આશનપટ્ટા, શેતરંજી, ચોરસા, સોફાબેક, ડ્રેસ મટીરીયલ્સ તેમજ હેન્ડલુમની અન્ય વેરાઈટી ઉપર ખાસ 10% ડિસ્કાઉન્ટ
ભારત હેન્ડલુમ
દુ.નં.૧૬, પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર
ફોન : ૨૩૨ ૨૫૧૧૦
સર્વોદય હેન્ડલુમ
પ્લોટ-૨૧૭, દુ.નં.૧૪, શાકમાર્કેટ પાછળ, સેક્ટર-૨૧, ગાંધીનગર
ફોન : ૨૩૨૩૦૩૧૦
રવિવારે શો-રૂમ ચાલુ છે

અભૂતપૂર્વ, અદ્વિતીય, અવિસ્મરનીય હેન્ડલુમ અને હેન્ડીકાફ્ટ પ્રદર્શન
ભારત ઉત્સવ-2012
પ્રદર્શન અને વેચાણ
Opening from 20th October-2012
Time: 11:00 am. To 10:00 pm.
સેક્ટર-૬/ડી, પોલિસ સ્ટેશન સામે, અપના બજાર પાસે, ગાંધીનગર.
પાર્કીંગ મફત
Entry Ticket ₹ 5/-
Organized by : Shri Adarsh Mahila Audhyogik Sahakari Mandli Ltd.

રૂપાલમાંથી ૭૦ કિલો નકલી ઘી પકડાયું

રૂપાલ, તા. ૨૩

જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ રૂપાલ ખાતેથી આજે ૭૦ કિલો જેટલુ નકલી ઘી ગ્રામજનોના સહયોગથી પકડી પાડવામાં આવ્યું છે. અને આ નકલી ઘીનો વેપાર કરનાર વેપારી સામે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

રૂપાલ ખાતે નવરાત્રી પછી વિજયાદશમીએ યોજાતા પલ્લીના મેળા દરમ્યાન આ ઘી વેચાઈ જવાની ધારણા સાથે વેપારીએ ઘી ખરીદ્યુ હતુ પરંતુ ગ્રામજનોને હકીકતની જાણ થતાં આ ઘી નું વેચાણ બંધ કરાવવા ઉપરાંત સત્તાવાળાઓને આ અંગે જાણ કરી હતી.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ઘીના નમૂના મેળવવાની કાર્યવાહી હાલ ચાલુ છે તો પોલીસની ટીમ પણ ઘટનાસ્થળે દોડી ગઈ છે અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

શાશ્વતી આયંબિલની ઓળી વ્રત સ્વીકારવાનું આયોજન

ગાંધીનગર, તા. ૨૩

પ.પૂ. શ્રી જગચ્ચંદ્ર સુરીશ્વરજી તથા પ.પૂ. આ. શ્રી અભયચંદ્ર સૂરિજી તા. ૨૧મી ઑકટોબરથી ૨૯મી ઑકટોબર નવ દિવસીય આયોજન રાખેલ છે. શ્રાવક દિક્ષા સ્વરૂપ ગૃહસ્થના બાર વ્રતો સ્વીકારવાનું ભવ્ય આયોજન કરેલ છે. શાહ મૂલચંદજી ઉદયચંદ્ર કોઠારી પરિવાર સાબરમતી તરફથી આયોજન કરેલ છે.

નિઃશુલ્કપણે ગરીબ દર્દીઓનાં આંખના ઑપરેશન કરતી આશાપુરા જૈન હૉસ્પિટલ

ગાંધીનગર, તા. ૨૩

અમદાવાદમાં ઓઢવ વિસ્તારમાં છેલ્લા ૧૨ વર્ષથી કાર્યરત શ્રી આશાપુરા જૈન હોસ્પિટલ દ્વારા શહેરના ગરીબ દર્દીઓ માટે આંખને લગતી સારવાર તેમજ વિવિધ પ્રકારના ઑપરેશન નિઃશુલ્ક રીતે કરવામાં આપી રહ્યાં છે. તે ઉપરાંત અન્ય દર્દીઓ માટેની સારવાય પણ અન્ય હૉસ્પિટલોમાં પ્રમાણમાં માત્ર ૨૫ થી ૩૦ જેટલાં સામાન્ય ખર્ચથી કરવામાં આવી રહ્યાં છે.

દર મહિને ૩૦ ટકા જેટલાં મોતીયાનાં ઓપરેશન કરવામાં આવે છે. જે પૈકી ૫૦ ટકાથી વધુ ઑપરેશન નેત્રમણી સહિત નિઃશુલ્ક રીતે કરવામાં આવે છે. ઉપરોક્ત માહિતી ડૉ. શેખરચંદ્ર જૈન વિગતો આપેલા છે. ભારતમાં તમામ દૃષ્ટિહિનોને માત્ર ૧૧ જ દિવસમાં દેખાતાં થઈ શકે છે. આ માટે જાગૃતિની જરૂર છે.

બિહોલા રાજપૂત સમાજનો ૨૮મીએ પુસ્તક વિમોચન કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૩

બિહોલા રાજપૂત સમાજ, ગુજરાત રાજયના મહામંત્રી ઝીલુસિંહજી બિહોલાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, બિહોલા રાજપૂત સમાજ ગુજરાત રાજય દ્વારા તા.૨૮મી ઓકટોબર ૨૦૧૨ને રવિવારના રોજ ટાઉન હોલ, ગાંધીનગર ખાતે બપોરે ૨.૩૦ થી ૬ વાગ્યા દરમિયાન 'બિહોલા સમાજ વંશ યશગાથા' તેમજ 'બિહોલા સમાજ પરિવાર દર્શન' નામના પુસ્તકોનો વિમોચન સમારોહ યોજવામાં આવશે. સમાજના આ સરાહનીય કાર્યક્રમમાં સર્વે સમાજબંધુઓને ઉપસ્થિત રહેવા પ્રમુખ વિસાજી બિહોલા દ્વારા ખાસ જણાવાયું છે.

બિનજરૂરી રોફ જમાવવા સે. ૭ પોલીસે ગલ્લાઓમાં તોડફોડ કરી

ગરબે રમીને આવતા નિર્દોષ પરિવારો સાથે પણ પોલીસ રીતસરની ગુંડાગીરી પર ઉતરી આવી : લાઠીચાર્જ

ગાંધીનગર, તા. ૨૩

નવરાત્રીના પવિત્ર પર્વની ઉજવણી કરીને રાત્રીના સમયે ઘરે પરત ફરી રહેલા પરિવારોને રીઢા આરોપીઓ કે ગુનેગારો સાથે પણ બિહેવ ન થાય તેવી વર્તણુંક કરીને સે. ૭ પોલીસ રીતસરની ગુંડાગીરી પર ઉતરી આપી હોવાની ગઈકાલે સંખ્યાબંધ ફરીયાદો ઉઠવા પામી હતી. ગુનેગારો પર અંકુશ ન મેળવી શકતી પોલીસે નિર્દોષ નાગરીકો તથા ખેલૈયાઓને બિનજરૂરી ધમકાવીને બેરોકટોક લાઠીચાર્જ કરી લારી-ગલ્લાઓની ટ્યુબલાઈટોની પણ તોડફોડ કરી મુકતા પ્રબળ જનઆક્રોશ ઉઠવા પામ્યો છે. આટલી જ બાહોશાઈ અને નિડરતા જો પોલીસ અસામાજીક તત્વો કે લુખ્ખા તત્વો અને ગુનેગારો સામે બતાવે તો જિલ્લાની ગુનાખોરીનો રેશીયો અડધો અડધ ગગડી જાય તેમાં બે મત નથી...!

ગઈકાલે નિર્દોષ નાગરીકો પર સે. ૭ પોલીસની ટીમે બિનજરૂરી જમાવેલો રોફ આજે ટોક ઓફ ધ ટાઉન વાત બની ગઈ હતી. એક તરફ ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા પ્રજા પોલીસ વચ્ચે સેતુ બંધાય તે માટેના પ્રયાસોના ભાગરૂપે અવારનવાર શિબિરોનું આયોજન કરીને લેસનો આપવામાં આવે છે ત્યારે આ પ્રયત્નોની ઐસી કી તૈસી કરી નાંખીને નિર્દોષ પ્રજાને રંજાડી નાંખવાના પ્રયાસો પણ તેમના જ તાબાનાં કેટલાક અધિકારીઓ કરી રહ્યા છે. ગઈકાલે સે. ૭ પોલીસમથકની ટીમ દ્વારા ગરબા રમીને પરત ફરી રહેલા પરીવારોને બિનજરૂરી ધમકાવી કેટલાક વિસ્તારોમાં લાઠીચાર્જ કર્યા હોવાની સંખ્યાબંધ ફરીયાદો મળી છે. સેક્ટર-૭માં થતા શેરીગરબા પાસે આ પોલીસે રીતસરનો બિનજરૂરી સપાટો બોલાવીને પ્રજા પર રોપ જમાવ્યો હતો. આસપાસમાં ઉભા રહેતા લારી-ગલ્લાઓ પર લાઠીઓ ઘુમાવીને લાઈટો સુદ્ધાં તોડી નાંખી આતંક મચાવ્યો હતો. પોલીસની આ ગુંડાગીરી અહીં અટકી ગઈ ન હતી. સે. ૩ના શેરી ગરબાના સ્ટેજ પર ચઢી જઈને ગરબા બંધ કરાવવા રીતસરની બેફાન ગાળાગાળી કરીને સભ્ય સંસ્કૃતિને લાજે તેવો માહોલ સર્જી મુક્યો હતો. સે. ૭ પોલીસની આ પ્રકારની ગેરવર્તણૂંકથી આક્રોશ પેલાઈ જવા પામ્યો છે. રાત્રે આ વિસ્તારોમાં ફેલાઈ ગયેલા ખૌફ પાછળ પીએસઆઈ રાઠોડનું નામ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

ગાંધીનગરમાં ફટાકડાના સ્ટોલના લાયસન્સ મેળવવા જોગ

ગાંધીનગર, તા.૨૩

આથી ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના સેકટર-૬ (સેકટર-૭ને બદલે), ૨૧, ૨૨ અને ૨૪માં ફટાકડાના ધંધા માટે કલેકટરશ્રી, ગાંધીનગરના તા. ૯-૧૦-૨૦૧૨ના જાહેરનામામાં આપવામાં આવેલ સુચનાઓ અનુસાર ગાંધીનગર મહાનગરપાલિકા કચેરી ખાતે અરજીઓ સ્વીકારવામાં આવશે જેની સાથે જરુરી પુરાવા જેવા કે, ફાયર તેમજ પોલીસ એન.ઓ.સી. તથા ફટાકડાના વેચાણ માટે લાયસન્સ મેળવવા કરેલ અરજી અને ચલણથી કરેલ રકમની ઝેરોક્ષ નકલ બીડી કોરા કાગળ ઉપર અરજી પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે ગાંધીનગર મહાનગરપાલિકાના જનસેવા કેન્દ્રમાં તા. ૩૦-૧૦-૨૦૧૨ના ઓફીસ સમય સુધી મોકલવાની રહેશે. મળેલ અરજીઓ ડ્રો પધ્ધતિથી તા. ૩-૧૧-૨૦૧૨ના રોજ ડ્રોમાં પસંદ થયેલ ઈસમો પાસેથી એક ચોરસ મીટરના રૂ. ૫.૫૦ પૈસા લેખે ૩x૫=૧૫ ચોરસ મીટર લેખે તા. ૫-૧૧-૨૦૧૨ થી તા. ૧૪-૧૧-૨૦૧૨ સુધી દિન-૧૦ના રૂ. ૮૨૫-૦૦ વસુલ લઈ આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવા વિનંતી છે.

શાહ સી.કે. મ્યુનિસિપલ કોમર્સ કોલેજ કલોલનો ઈન્ટર કોલેજ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલમાં પ્રવેશ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાની શાહ ચંદુલાલ કસ્તુરચંદ મ્યુનિસિપલ કોમર્સ કોલેજ તાજેતરમાં ગુજરાત યુનિવર્સિટી સાઉથ ઝોન ઈન્ટર કોલેજ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ઉત્કૃષ્ઠ દેખાવ કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે. તાજેતરમાં વિરમગામની ડી.સી.એમ. કોલેજ સામે સેમી ફાઈનલ મેચમાં કલોલની શાહ સી.કે. કોમર્સ કોલેજે ૭ વિકેટથી જવલંત વિજય મેળવી ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો છે.

ગુજરાત યુનિવર્સિટી સાઉથ ઝોન ઈન્ટર કોલેજ 'બી' ગ્રૂપની ક્રિકેટ ટુર્નામેન્ટ ગાંધીનગરની સરકારી આર્ટસ કોલેજ ખાતે યોજાઈ હતી. ટુર્નામેન્ટમાં શાહ સી.કે. મ્યુનિસિપલ કોમર્સ કોલેજની પ્રથમ મેચ પી.એચ.જી. મ્યુનિસિપલ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ કલોલ સાથે યોજાઈ હતી, જેમાં શાહ સી.કે. મ્યુનિસિલ કોમર્સ કોલેજનો ૬ વિકેટે વિજય થયો હતો. કવાર્ટર ફાઈનલ મેચમાં કે.કે. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ધંધુકા સામે શાહ સી.કે. મ્યુનિ. કોમર્સ કોલેજનો કલોલનો ૮ વિકેટથી વિજય થયો હતો. સેમી ફાઈનલ મેચમાં પણ ડી.સી.એમ. કોલેજ વિરમગામ સામે કોમર્સ કોલેજ કલોલનો ૭ વિકેટે વિજય થયો હતો અને ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો છે.

શાહ સી.કે. મ્યુનિસિપલ કોમર્સ કોલેજ, કલોલની ટીમના કેપ્ટન રામચંદ્રાણી સંજયના નેતૃત્વમાં ત્રણેય મેચમાં અબુહસન ઘાંચી, જયદીપ ચૌહાણે ઓલરાઉન્ડર દેખાવ કરી મેન ઓફ ધ મેચ બન્યા હતા. વિજેતા ટીમને કોલેજના આચાર્ય ડૉ. શંકરસિંહ રાણા અને કલોલ તાલુકા કેળવણી મંડળના ટ્રસ્ટી ગણ, મંત્રીઓ અને સ્પોર્ટસ ડાયરેકટર ડૉ. બીમલ જોષીએ અભિનંદન પાઠવ્યા હતા.

માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલમાં નવરાત્રિ પર્વની ઉજવણી

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરના સેકટર-૨૧માં આવેલી માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલમાં નવરાત્રીના નવમા દિવસે માં આદ્યશકિત અંબાની ઉપાસના અને આરાધના કરતા પર્વની ગરબા મહોત્સવ સાથે ઉજવણી કરવામાં આવી હતી.

માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ ભાતીગળ વસ્ત્રોમાં સજ્જ થઈન ગરબા રમવા ઉમટયા હતા. શાળાના મેનેજર સિસ્ટર માર્ગા શાંતિ, પ્રિન્સિપાલ સિસ્ટર રેણુકાએ આ પ્રસંગે આરતી કરી મહોત્સવની શરૂઆત કરાવી હતી. વિદ્યાર્થીઓએ કર્ણપ્રિય સંગીતના સથવારે ગરબાની રંગત જમાવી હતી. નિર્ણાયક મનદિપ ગોલ, ડીમ્પલ દેસાઈ, નિતિકા શાહ અને ભાવિન પટેલ આ પ્રસંગે ઉતમ ખેલૈયાઓ તરીકે ચાર્મિ ચૌહાણ, ખુશી ઠકકર, દેવર્શ કોટક, વીની પટેલ, ધ્રુવ ત્રિવેદી, શેરમ ભટ્ટ, ધ્રુવ શાહ, ઝીલ જોશી, યોગેશ થારાણીની તથા આકર્ષક વેશભૂષામાં ધ્રુવા પટેલ, ધ્યાન પારમ, આર્યા, શ્યામલ ભાવસાર, હેત્વી શાહ, હરિઓમ, યશસ્વી મોઢ, રાજ ભાવસાર, સલોની શાહ અને દીપક પરમારને વિજેતા જાહેર કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્યા સિસ્ટમ રેણુકાના માર્ગદર્શન હેઠળ શાળાની શિક્ષક નવરાત્રી કમિટીએ કર્યું હતું.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીચેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૩૨૦૬૦૫૨૨, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨,

SANGHI CEMENT
KISAN
VINAYAK500 TMT BARS - ISI
SANGHI STEEL-ISI
BENELAVE
R.FIXIT
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૧
સૂર્યાસ્ત : ૬.૧૮

તાપમાન

મહત્તમ : ૩૬.૦ ડિ.સે. લઘુત્તમ : ૨૦.૦ ડિ.સે.
મોસમ કુલ વરસાદ : ૭૦૭ એમ.એમ.

ભેજનું પ્રમાણ

સવારે ૭૧ ટકા ● સાંજે ૪૫ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
ઓહ ! માય ગૉડ : ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૦.૦૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૨.૧૫, ૩.૧૫, ૯.૩૦
ઈંગ્લીશ વિંગ્લીશ : ૬.૪૫
: સ્ક્રીન-૪ :
શુદ્ર : ૧૦.૦૦, ૫.૦૦
ઐય્યા : ૧૨.૦૦
દિલ્હી સફારી : ૩.૦૦
મખ્ખી : ૭.૩૦, ૧૦.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ઓહ! માય ગોડ : ૧૦.૦૦, ૩.૦૦, ૮.૦૦, ૧૦.૩૦
દિલ્હી સફારી (૩ડી) : ૧૨.૩૦, ૫.૩૦
: સ્ક્રીન-૨ :
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૯.૪૫
ઓહ! માય ગોડ : ૧૨.૩૦, ૫.૧૫
ઈંગ્લીશ વિંગ્લિશ : ૨.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ઈંગ્લીશ વિંગ્લિશ : ૧૦.૧૫
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૦૦
: સ્ક્રીન-૪ :
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૮.૩૦, ૧૧.૨૦, ૨.૦૫, ૪.૫૦, ૭.૩૫, ૧૦.૨૦

સૂર્યા, વાવોલ

મખ્ખી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
કોઈનું સિંદુર કોઈના માથે : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
ઓહ! માય ગોડ : ૧૨.૩૦, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ઓહ! માય ગોડ : ૧૧.૧૫
ભૂત રીર્ટન : ૨.૦૦, ૪.૦૦
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૬.૧૫
મખ્ખી : ૯.૪૫

વિરાગ, કલોલ

ચુંદડીના સથવારે : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : દિવસ આપનો ઉત્સાહ અને આનંદથી પસાર થઈ શકશે. કૌટુંબિક જવાબદારીઓ પ્રત્યે ધ્યાન વધારે આપવુ પડશે. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે.

વૃષભ : ઘણા સમયથી આરંભાયેલા કાર્યોનું પરિણામ શુભ આવશે. અનાયાસ જ ધન લાભ થવાની સંભાવના છે. સામાજિક કાર્યોમાં રુચિ લેશો. નોકરીમાં આપના કાર્યોની પ્રસંશા થશે.

મિથુન : વ્યાપારક્ષેત્રે આપના પ્રયાસોથી ઉન્નતિનો માર્ગ મોકળો થશે. માંગલિક ઉત્સવોમાં સામેલ થવાનો અવસર આવશે.

કર્ક : આપે જે ભાગ્ય પર છોડીને કરેલા કાર્યોમાં અનુકૂળતા મળશે. આપના દ્વારા પ્રયોજાયેલા નવા વ્યાપારિક કરારો દ્વારા આર્થિક કાર્યના વિસ્તાર સંબંધી કાર્ય થશે. ધન યોગ કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં ભાગદોડ કરાવી શકે છે.

સિંહ : જમીન- મિકલત સંબંધી તથા જમીન સાથે સંકળાયેલા વ્યવસાયલક્ષી કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. નવી યોજનાઓ પ્રારંભ થઈ શકશે. પોતાના પ્રયત્નોથી લોકપ્રિયતા અને સામાજિક સન્માન પ્રાપ્ત કરશો.

કન્યા : કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થવાની સંભાવના છે.સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિમતાથી લાવવો. વ્યવસાયિક લાભ થવાની સંભાવના છે.

તુલા : નોકરી, વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં ભાગ્યવર્ધક સફળ યાત્રાનો યોગ છે. વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. આર્થિક પ્રશ્નોનું નિકારણ થઈ શકશે. પરસ્પર સંબંધોને મહત્વ આપો.

વૃશ્ચિક : કર્મક્ષેત્રમાં આપની કોઈ શોધ દ્વારા માન- સન્માનમાં વૃદ્ધિ થવાનો યોગ છે. લગ્નવાંચ્છુકો માટે યોગ્ય જીવનસાથી પસંદ થઈ શકશે.

ધન : આપની આર્થિક સ્થિતિમાં સુધારો થતો જણાય. સ્વજનોથી મેળમેળાપ વધે તેવા પ્રયત્નો કરવા. ધર્મ, આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે.

મકર : આર્થિક ક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્યોનો યોગ. વહીવટના ક્ષેત્રોમાં ઉચ્ચસ્તરીય, કુટુંબમાં માંગલિક કાર્યોનો થવાનો યોગ બને છે. ખાનપાનમાં સાવધાની રાખવી.

કુંભ : વ્યવસાયિક યોજનાઓ સ્વયંની પ્રતિષ્ઠા અને માન- સન્માનને અનુરૂપ કાર્ય થઈ શકશે. અતિશય કોઈપર વિશ્વાસ ન મુકવો. ધન સંચય થઈ શકશે.

મીન : સામાજિક અને રાજકીય પદ- પ્રતિષ્ઠા અને ખ્યાતિમાં વૃદ્ધિ થઈ શકશે. ઘરમાં મહેમાન આવશે. આપે ધારેલા મહત્વના કાર્યો પૂર્ણ થવાની સંભાવના છે. નવા વિચાર કે યોજના પર ચર્ચા વિચારણા થશે.

ચિરવિદાય

- સ્વ. રમેશચંદ્ર બબાલાલ રાવલ (ઉ.વ.૭૦) મુ.પો. હાલીસા, તા. દહેગામ, જિ. ગાંધીનગર.
- સ્વ. મનુજી દોલાજી ઠાકોર (ખોટ) (ઉ.વ.૨૭) મુ.પો. બોરીજ, તા., જિ. ગાંધીનગર.